દોઢ સદી પાર, નવી સદીઓ માટે તૈયાર

ગુજરાતમિત્ર ૧૬૩ વર્ષ

ગુરુવાર ૩૦ જુલાઈ, ૨૦૨૬

# ભૂતકાળમાં વસતી ઘટાડવા ઝુંબેશ ચાલતી હતી, હવે વસતી વધારવા પ્રયાસો કરવા પડશે

જન્મદરમાં ઐતિહાસિક ઘટાડો, વૃદ્ધોની વધતી સંખ્યા અને યુવાનોના અભાવ વચ્ચે માનવ સંસ્કૃતિ આજે એક એવા ક્રોસરોડ પર આવીને ઊભી છે જ્યાં 'વસ્તી વિસ્ફોટ' કરતાં પણ વધુ ભયાનક 'વસ્તી પતન' નો ભય સ્પષ્ટ દેખાઈ રહ્યો છે. આજથી બે કે ત્રણ દાયકા પહેલાં વિશ્વભરના અર્થશાસ્ત્રીઓ, સામાજિક વિજ્ઞાનીઓ અને નીતિનિર્માતાઓ 'વસ્તી વિસ્ફોટ'ના નામે ચિંતા વ્યક્ત કરતા હતા. પૃથ્વી પરના મર્યાદિત સંસાધનો, કુદરતી સંપત્તિનો ક્ષય અને પર્યાવરણીય સંતુલન બગાડવા માટે વધતી વસ્તીને જવાબદાર ગણવામાં આવતી હતી. પરંતુ, આજે સ્થિતિ સંપૂર્ણપણે ઊલટી થઈ રહી છે. હાલના વૈશ્વિક ડેટા અને તાજેતરમાં સામે આવેલા આંકડાઓ એક અત્યંત ચિંતાજનક અને ભયાનક સત્ય તરફ ઈશારો કરે છે: માનવજાત હવે વસ્તી વિસ્ફોટથી નહીં, પણ વસ્તીના પતનથી ભયભીત છે.

તાજેતરમાં જાપાનના આંતરિક બાબતો અને સંદેશાવ્યવહાર મંત્રાલય દ્વારા જાહેર કરવામાં આવેલા વસ્તીના ડેટા માત્ર જાપાન માટે નહીં પરંતુ આખી દુનિયા માટે એક જાગૃતિની ઘંટડી છે. ૪૨ વર્ષમાં પહેલી વાર જાપાનના સ્થાનિક નાગરિકોની સંખ્યા ૧૨ કરોડ (૧૨૦ મિલિયન) થી નીચે ગગડી ગઈ છે. એક જ વર્ષમાં ૯.૧૭ લાખ સ્થાનિક નાગરિકોનો ઘટાડો નોંધાયો છે, જે ૧૯૬૮ પછીનો સૌથી મોટો ઐતિહાસિક ઘટાડો છે. જાપાનમાં આખા વર્ષ દરમિયાન માત્ર ૬.૭૦ લાખ બાળકોનો જન્મ થયો છે, જ્યારે તેની સામે મૃત્યુ પામનારા લોકોનો આંકડો ૧૫.૯ લાખથી વધુ પહોંચી ગયો છે. એટલે કે જન્મતાં બાળકો કરતાં મૃત્યુ પામતા લોકોની સંખ્યા બમણા કરતાં પણ વધારે છે. સરકારે અનેક નાણાકીય પ્રોત્સાહનો આપ્યા, પરિણીત યુગલોને મદદ કરી, છતાં યુવાનો બાળક પેદા કરવા માટે તૈયાર નથી. આ પરિસ્થિતિ માત્ર જાપાન પૂરતી મર્યાદિત નથી; દક્ષિણ કોરિયા, ચીન, ઈટાલી, જર્મની અને અન્ય વિકસિત દેશો પણ આ જ માર્ગે ચાલી રહ્યા છે.

ભવિષ્યમાં જો વધુ બાળકોને જન્મ આપવામાં નહીં આવે તો સમગ્ર વિશ્વમાં વસ્તી કૂદકે ને ભૂસકે ઘટી જશે. પરંતુ સવાલ એ થાય છે કે યુવા પેઢી બાળકો પેદા કરવાથી કેમ પાછી પાની કરી રહી છે? મોંઘવારી અને આર્થિક બોજ: બાળકનો ઉછેર, શિક્ષણ, અને સ્વાસ્થ્ય સંભાળ એટલી મોંઘી બની ગઈ છે કે મધ્યમ અને ઉચ્ચ મધ્યમ વર્ગના યુગલો બે કે તેથી વધુ બાળકોનો અતિરિક્ત આર્થિક બોજ ઊંચકવા તૈયાર નથી. આધુનિક યુગમાં મહિલાઓ શિક્ષણ અને રોજગાર ક્ષેત્રે પુરુષો સમોવડી બની છે. લગ્ન અને બાળકના ઉછેરની જવાબદારીમાં કારકિર્દી પાછળ છૂટી જવાનો ડર પણ જન્મદરમાં ઘટાડા માટે જવાબદાર છે. નવી પેઢી વ્યક્તિગત સ્વાતંત્ર્ય, પ્રવાસ અને આરામદાયક જીવનશૈલીને વધુ પ્રાધાન્ય આપે છે. પારિવારિક જવાબદારીઓ હવે પ્રાથમિકતા રહી નથી. લગ્ન કરવાની સરેરાશ ઉંમરમાં મોટો વધારો થયો છે. ઘણા લોકો મોડા લગ્ન કરે છે અથવા લગ્ન વગર રહેવાનું પસંદ કરે છે, જેના કારણે પ્રજનનક્ષમતાનો સમયગાળો ઘટી જાય છે. કોઈપણ દેશનું અર્થતંત્ર બે મુખ્ય પાયા શ્રમજીવી યુવાબળ અને વપરાશકર્તાઓ પર ટકેલું હોય છે. જ્યારે જન્મદર ઘટે છે, ત્યારે આ બંને પાયા ધ્રૂજી ઉઠે છે. જો બાળકોનો જન્મ નહીં થાય તો આગામી ૨૦ થી ૩૦ વર્ષમાં ફેક્ટરીઓ, ઓફિસો, ટેકનોલોજી સેક્ટર અને સેવા ક્ષેત્રમાં કામ કરવા માટે યુવાનો જ નહીં હોય. જાપાનનું ઉદાહરણ આપણી સામે છે, જ્યાં સ્થાનિક કાર્યબળ પૂરું કરવા માટે હવે ૮૬% થી વધુ વિદેશી કામદારો પર નિર્ભર રહેવું પડે છે. જ્યારે કામ કરનારા યુવાનો ઓછા હશે અને નિવૃત્ત વૃદ્ધોની સંખ્યા વધારે હશે, ત્યારે સરકારો પાસે પેન્શન ચૂકવવા માટે કરવેરાનો પૂરતો ટેક્સ બઝેટ નહીં રહે. યુવાન કરદાતાઓ પર અતિરિક્ત કર બોજ વધશે. ઘટતી વસ્તી એટલે કે મકાનો, કાર, કપડાં, ઇલેક્ટ્રોનિક્સ અને ખાદ્ય સામગ્રી ખરીદનારા લોકોની સંખ્યામાં ઘટાડો. આનાથી વૈશ્વિક બજારોમાં કાયમી મંદીનો યુગ શરૂ થઈ શકે છે.

ફક્ત આર્થિક નહીં, પરંતુ ઘટતી વસ્તીના સામાજિક અને માનસિક પરિણામો પણ અત્યંત ગંભીર હશે. ભવિષ્યમાં કાકા, મામા, માસી, ભાઈ, બહેન જેવા પારિવારિક સંબંધો નામશેષ થઈ જશે, કારણ કે સિંગલ-ચાઈલ્ડ ફેમિલી અથવા 'ચાઈલ્ડ-ફ્રી' લાઈફસ્ટાઈલને કારણે પરિવારનું માળખું જ નષ્ટ થઈ જશે. સમાજમાં વૃદ્ધોની સંખ્યા ઝડપથી વધશે પણ તેમની દેખભાળ કરનાર કોઈ નહીં હોય. આ સ્થિતિ વૃદ્ધાશ્રમો પર બોજ વધારશે અને ડિપ્રેશનના કિસ્સાઓ વધારશે. બાળકોની સંખ્યા ઓછી થવાથી આખા વિશ્વમાં શાળાઓ, કોલેજો અને રમતગમતના મેદાનો સુમસામ બની રહ્યા છે અથવા બંધ કરવા પડી રહ્યા છે. જે દેશોમાં વસ્તી ઝડપથી ઘટી રહી છે, તેઓ પોતાના દેશને ચલાવવા માટે અન્ય દેશોના વિદેશી નાગરિકો પર નિર્ભર બની રહ્યા છે. જાપાનમાં વિદેશી રહેવાસીઓની સંખ્યા ૪૦ લાખને પાર પહોંચી ગઈ છે, જે તેનો ઐતિહાસિક રેકોર્ડ છે.

જ્યારે કોઈ દેશમાં મોટા પાયે વિદેશી શ્રમિકો આવે છે, ત્યારે તે સ્થાનિક સંસ્કૃતિ, ભાષા અને સામાજિક તાણાવાણા પર અસર કરે છે. આનાથી સ્થાનિક અને વિદેશી નાગરિકો વચ્ચે સંઘર્ષ, રાષ્ટ્રવાદની ભાવના અને સામાજિક અસંતુલન પેદા થવાની શક્યતાઓ વધી જાય છે. જો વિશ્વએ વસ્તી પતનના આ ભયાનક સંકટમાંથી બચવું હોય તો માત્ર ઉપદેશો આપવાથી કંઈ નહીં થાય. સરકારો અને સમાજે મળીને વિરાટ નીતિગત ફેરફારો કરવા પડશે. જેમાં સરકારે બાળકના જન્મથી લઈને તેના શિક્ષણ અને સ્વાસ્થ્ય સુધીની જવાબદારી અથવા સબસિડી પોતે ઊંચકવી પડશે. કોર્પોરેટ જગતમાં કામના કલાકો ઘટાડવા અને પેરેન્ટલ લીવ (માતા-પિતા બંને માટે રજાઓ) ના નિયમો કડક બનાવવા જરૂરી છે જેથી યુવાનો પરિવાર માટે સમય ફાળવી શકે. જે યુગલો બે કે તેથી વધુ બાળકો પેદા કરે છે તેમને ટેક્સમાં મોટી રાહત, સસ્તા મકાનો અને વિશિષ્ટ સામાજિક લાભો આપવા જોઈએ. લગ્ન અને પરિવારના મહત્વને આધુનિક સંદર્ભમાં પુનઃસ્થાપિત કરવું પડશે. પરિવાર માત્ર એક બોજ નથી પરંતુ જીવનની સુખ-શાંતિનો પાયો છે તે વિચાર યુવા પેઢીમાં વાવવો પડશે.

પૃથ્વી અને માનવજાતનું અસ્તિત્વ માત્ર ભૌતિક વિકાસ કે ટેકનોલોજીથી નથી ટકવાનું, પરંતુ નવી પેઢીના સતત સર્જનથી ટકેલું છે. જો આજે આપણે જન્મદરમાં થઈ રહેલા આ આઘાતજનક ઘટાડાને ગંભીરતાથી નહીં લઈએ, તો ભવિષ્યમાં આપણી પાસે અદ્યતન રોબોટ્સ, આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) અને આલીશાન ઈન્ફ્રાસ્ટ્રક્ચર તો હશે, પણ તેનો ઉપયોગ કરવા માટે માનવીઓ જ નહીં હોય. જાપાનના વસ્તીવિષયક આંકડા એ માત્ર એક દેશનો અહેવાલ નથી, પરંતુ સમગ્ર માનવ સંસ્કૃતિ માટે સમયનો અરીસો છે. જો અત્યારે જ વિશ્વના દેશો જાગૃત થઈને યોગ્ય પગલાં નહીં ભરે, તો આવનારી સદીઓમાં માનવજાત ખાલી થઈ રહેલી દુનિયામાં પોતાના જ અસ્તિત્વ માટે ઝૂરતી જોવા મળશે તે નક્કી છે.

# સુરતના મશહૂર શરાફ કુટુંબો અને ઐતિહાસિક વૈભવ

વેપાર-વાણિજ્યની પ્રવૃત્તિ માટે જરૂરી નાણાકીય વ્યવસ્થા કોઈપણ અર્થવ્યવસ્થાની કરોડરજ્જુ સમાન ગણાય છે. ઔદ્યોગિક તેમજ વેપારી એકમોને ઘણી વખત સીઝન, બજારની સ્થિતિ અથવા અન્ય આર્થિક પરિબળોના આધારે વધઘટ કરતી નાણાકીય જરૂરિયાતો ઊભી થતી રહે છે. આવા સમયે પોતાની મૂડી સૌથી મહત્ત્વનું પરિબળ ગણાય છે, કારણ કે તેના પર કોઈ વ્યાજ ચૂકવવું પડતું નથી. પરંતુ જ્યારે વેપારના વિસ્તરણ માટે અથવા કોઈ અણધારી કટોકટીના સમયે એકાએક મોટી રકમની જરૂરિયાત ઊભી થાય, ત્યારે તે સમયની શરાફી પેઢીઓ અને શાહુકારો આવી જરૂરિયાત પૂરી કરતા હતા. સુરત એક જમાનામાં વિશ્વના સૌથી સમૃદ્ધ અને વ્યસ્ત આંતરરાષ્ટ્રીય બંદરોમાંનું એક હતું, જ્યાંથી દેશ-વિદેશ સાથે અવિરત વેપાર થતો હતો. સુરતની અદ્ભુત સમૃદ્ધિ અને જાહોજલાલી પાછળ આ વૈશ્વિક વેપારનો સૌથી મોટો ફાળો હતો. તે સમયની આર્થિક શક્તિ એટલી પ્રચંડ હતી કે મોગલ સામ્રાજ્ય સામે લાંબો સંઘર્ષ ચલાવવા માટે જરૂરી નાણાકીય સાધનો એકત્ર કરવા છત્રપતિ શિવાજી મહારાજ એક કરતાં વધુ વખત સુરત તરફ આકર્ષાયા હતા. સુરત પર તેમણે કરેલી ઐતિહાસિક ચઢાઈ પાછળ માત્ર લૂંટ નહીં, પરંતુ શહેરની અસાધારણ સંપત્તિ પણ એક મહત્ત્વનું કારણ હતી. આજે આપણે સુરતના એ સુવર્ણકાળમાં કાર્યરત શરાફી પરંપરા અને નાણાંની ધીરધાર કરતી પ્રખ્યાત પેઢીઓ વિશે જાણીએ.

સુરતઃ ઈસ્ટ ઈન્ડિયા કંપનીની પ્રથમ સ્થાયી વ્યાપારી નગરી

ઈસ્ટ ઈન્ડિયા કંપનીએ ભારતમાં પોતાની પ્રથમ સ્થાયી વ્યાપારી કોઠી સુરતમાં સ્થાપી હતી. ઈ.સ. 1608માં કેપ્ટન વિલિયમ હોકિન્સ મુઘલ દરબાર પાસેથી વેપારની મંજૂરી મેળવવા સુરત આવ્યા હતા, પરંતુ તે સમયે સ્થાનિક રાજકીય પરિસ્થિતિ અને પોર્ટુગીઝોના દબાણને કારણે તેમને સફળતા મળી નહોતી. ત્યારબાદ ઈ.સ. 1612માં કેપ્ટન થોમસ બેસ્ટે સુવાળી (Swally) ખાડી પાસે પોર્ટુગીઝ નૌકાદળને નિર્ણાયક પરાજય આપ્યો. આ વિજયથી પ્રભાવિત થઈને મુઘલ સમ્રાટ જહાંગીરે અંગ્રેજોની શક્તિ સ્વીકારી અને ઈ.સ. 1613માં શાહી ફરમાન જારી કરીને સુરતમાં કાયમી કોઠી સ્થાપવાની મંજૂરી આપી. પ્રશ્ન થાય કે આટલા વિશાળ દેશમાં અંગ્રેજોએ સુરતને જ કેમ પસંદ કર્યું? તેનું કારણ એ હતું કે તે સમયે સુરત મુઘલ સામ્રાજ્યનું સૌથી મહત્વનું વેપારી બંદર હતું. અહીંથી ઉત્તમ ગુણવત્તાના કાપડ, કપાસ, નીલ (ઈન્ડિગો), મસાલા અને હસ્તકલાની વસ્તુઓનો વિશાળ વેપાર થતો હતો. યુરોપિયન બજારોમાં ભારતીય ચીજવસ્તુઓની ભારે માંગ હતી. અંગ્રેજો પોર્ટુગીઝોના વેપારી એકાધિકારને તોડવા માગતા હતા અને મુઘલ દરબાર સાથે સારા સંબંધો સ્થાપીને કસ્ટમ્સ ડ્યુટીમાં રાહતો તથા સુરક્ષિત વેપારની સગવડ મેળવવા ઈચ્છતા હતા. આ માટે સુરતમાં મજબૂત અને સ્થાયી વેપારી કેન્દ્ર સ્થાપવું તેમના માટે અત્યંત જરૂરી હતું.

સુરતના પ્રખ્યાત શરાફ અને શાહુકાર કુટુંબો

સત્તરમી અને અઢારમી સદી દરમિયાન સુરત માત્ર વેપારનું જ નહીં, પરંતુ સમગ્ર દેશના મહત્વના નાણાકીય કેન્દ્રોમાંનું એક હતું. અહીં અનેક શક્તિશાળી શરાફ અને શાહુકાર કુટુંબો કાર્યરત હતા. તેઓ માત્ર નાણાંની લેવડ-દેવડ જ કરતા નહોતા, પરંતુ હૂંડી મોટા પાયે ધિરાણ, ચલણ વિનિમય તેમજ બ્રિટિશ અને ડચ ઈસ્ટ ઇન્ડિયા કંપની જેવી વિદેશી કંપનીઓ સાથે પણ વિશાળ નાણાકીય વ્યવહારો કરતા હતા.

વીરજી વોરા

વીરજી વોરાને સત્તરમી સદીના વિશ્વના સૌથી ધનાઢ્ય વેપારીઓમાં સ્થાન આપવામાં આવે છે. તેમની સંપત્તિ તે સમયના ધોરણો પ્રમાણે અકલ્પનીય હતી. તેઓ અંગ્રેજ અને ડચ કંપનીઓને પણ મોટી રકમની લોન આપતા હતા. મસાલા, મોતી, કોરલ, હાથીદાંત અને ચાંદીના વેપારમાં તેમનું પ્રભુત્વ હતું. ઈ.સ. 1664માં છત્રપતિ શિવાજીની સુરત ચઢાઈ દરમિયાન તેમની હવેલી અને સંપત્તિને ભારે નુકસાન થયું હતું, છતાં પોતાની અસાધારણ વ્યવસાયિક કુશળતાના બળે તેમણે ફરીથી પોતાનું વ્યાપાર ઉભું કર્યું.

પારેખ કુટુંબ

તપીદાસ પારેખથી શરૂ થઈને તુલસીદાસ પારેખ અને ભીમજી પારેખ સુધી આ કુટુંબ સુરતના સૌથી

## ઈકો-નોમિક્સ

**ડૉ.જયનારાયણ વ્યાસ**

> **તેઓ માત્ર નાણાંની લેવડ-દેવડ જ કરતા નહોતા, પરંતુ હૂંડી મોટા પાયે ધિરાણ, ચલણ વિનિમય તેમજ બ્રિટિશ અને ડચ ઈસ્ટ ઈન્ડિયા કંપની જેવી વિદેશી કંપનીઓ સાથે પણ વિશાળ નાણાકીય વ્યવહારો કરતા હતા**

પ્રતિષ્ઠિત શાહુકારોમાં ગણાતું હતું. તેઓ ઈસ્ટ ઈન્ડિયા કંપનીના મુખ્ય બ્રોકર અને હાઉસ શરાફ તરીકે ઈ.સ. 1609થી લઈને અઢારમી સદી સુધી સતત કાર્યરત રહ્યા હતા. ભીમજી પારેખ સુરતના વણિક સમાજના અત્યંત પ્રભાવશાળી આગેવાન હતા અને વિદેશી કંપનીઓ સાથે સારા વેપારી સંબંધો જાળવવામાં તેમનો વિશેષ ફાળો હતો.

આત્મારામ ભૂખણ પેઢી

સત્તરમી સદીના અંતિમ ભાગમાં સ્થાપિત થયેલી આ શરાફી પેઢીના સ્થાપક વનમાળીદાસ હતા. તેમની શાખાઓ દેશ-વિદેશમાં ફેલાયેલી હતી અને બજારમાં તેમની શાખ તથા વિશ્વસનીયતા અદ્વિતીય માનવામાં આવતી હતી. સમય જતાં તેમણે પોતાનો વેપાર મુંબઈ સુધી વિસ્તૃત કર્યો.

ત્રાવડી કુટુંબ

અઢારમી સદીના ઉત્તરાર્ધમાં ત્રાવડી કુટુંબ સુરતના સૌથી પ્રભાવશાળી શરાફ કુટુંબોમાંનું એક હતું. સુરતથી લઈને દિલ્હી, ઢાકા અને બનારસ સુધી તેમનું વિશાળ નાણાકીય નેટવર્ક હતું. તેઓ રાજકીય પક્ષોથી દૂર રહીને નિષ્પક્ષ અને વિશ્વસનીય નાણાકીય વ્યવહારો માટે જાણીતા હતા.

રુસ્તમજી માણેક સેઠ અને અન્ય શાહુકારો

પારસી સમાજના રુસ્તમજી માણેક સેઠનું કુટુંબ અંગ્રેજ, પોર્ટુગીઝ અને ડચ કંપનીઓનું અગ્રણી બ્રોકર અને સલાહકાર હતું. સુરતનો જાણીતો 'રુસ્તમપુરા' વિસ્તાર આજે પણ તેમના નામની યાદ અપાવે છે. આ ઉપરાંત હાજી ઝાહિદ બેગ અને અબ્દુલ ગફૂર જેવા મુસ્લિમ વેપારીઓ પણ વિશાળ માલવાહક જહાજોના માલિક હતા અને આંતરરાષ્ટ્રીય વેપારમાં તેમનું આગવું સ્થાન હતું. અમદાવાદનું ઝવેરી કુટુંબ પણ સુરતના નાણાકીય બજારમાં સક્રિય ભૂમિકા ભજવતું હતું. એક સમયનું સુરત 'સોનાની મૂરત' અને આંતરરાષ્ટ્રીય વાણિજ્યનું ધબકતું કેન્દ્ર હતું. આજે પણ એ જ કર્મશીલતા અને સાહસિકતાના બળે સુરત વિકાસના નવા શિખરો સર કરી રહ્યું છે. વિશ્વવિખ્યાત હીરા ઉદ્યોગ, વિશાળ ટેક્સટાઈલ અને કાપડ ઉદ્યોગ, આધુનિક નીટીંગ એકમો તેમજ વિવિધ હાઈ-ટેક ઉત્પાદન ક્ષેત્રોના કારણે સુરત આજે માત્ર ગુજરાતનું જ નહીં, પરંતુ સમગ્ર ભારતનું સૌથી ગતિશીલ આર્થિક કેન્દ્ર બની ગયું છે. સુરતની શરાફી પરંપરા અને વેપારી સંસ્કૃતિએ જે મજબૂત પાયો નાખ્યો હતો, તેના પર જ આજના આધુનિક સુરતની સમૃદ્ધિનું ભવ્ય નિર્માણ ઊભું છે.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

## ભગવાન બુદ્ધના શબ્દો

ભગવાન બુદ્ધના સમયમાં અંગુલિમાલ નામના એક ભયાનક લૂંટારાએ કાળો કેર વર્તાવ્યો હતો, તે એક જંગલમાં રહેતો હતો અને ગમે ત્યારે ત્રાટકીને ગામલોકોને વટેમાર્ગુઓને લૂંટી લેતો અને તેમની હત્યા કરી નાખતો અને ફરી જંગલમાં ગાયબ થઈ જતો. તેણે અનેક લોકોની હત્યા કરી હતી. બધા લોકો તેના નામથી જ ધ્રૂજતા હતા અને ભાગ્યે જ કોઈ અંધારી રાતે બહાર નીકળતું.

અંગુલિમાલની એક વિચિત્ર રીત હતી. તેણે જેટલા લોકોની હત્યા કરી હતી તેમની આંગળી કાપી લઈને માળા બનાવટો અને પોતે હંમેશા તે કાપેલી આંગળીઓની માળા પહેરતો હતો...તેના આ કાપેલી આંગળીઓની માળા પહેરેલા ભયંકર રૂપને જોઇને જ લોકો ડરી જતા.

એક દિવસ ભગવાન બુદ્ધ એકલા જ, જ્યાં અંગુલિમાલ રહેતો હતો એ જંગલમાંથી પસાર થયા.ભગવાન બુદ્ધને જોતા જ તેમને લૂંટી લેવા અને હત્યા કરવા અંગુલિમાલ તલવાર લઈને ભગવાન બુદ્ધ તરફ દોડ્યો, તેણે ડરાવવા માટે મોટેથી બૂમ પાડી, 'વટેમાર્ગુ ખબરદાર ઊભો રહે!'

બુદ્ધ શાંતિથી ચાલતા રહ્યા, અંગુલિમાલે ફરી બૂમ પાડી, 'હવે તું નહીં બચી શકે ઊભો રહે.' ભગવાન બુદ્ધ ઊભા રહ્યા અને શાંતિથી કહ્યું, 'હું તો ક્યારનોય ઊભો છું, અંગુલિમાલ.

**ચાર્જિંગ પોઈન્ટ**

**હેતા ભૂષણ**

પણ તું ક્યારે ઊભો રહીશ હવે ઊભો રહેવાનું તારે છે – હિંસા અને ક્રોધની દોડમાંથી.'

ભગવાન બુદ્ધના આ શબ્દોએ અંગુલિમાલને ચોંકાવી દીધો. ભગવાન બુદ્ધ ન તેનાથી ગભરાયા ન બુદ્ધે તેને ડરાવ્યો, ન નિંદા કરી, ન ભાગ્યા, ન ક્રોધ કર્યો કે ન છોડી દેવા કરગર્યા.

અંગુલિમાલ તેમની પાસે આવ્યો પણ તેમની પર હુમલો ન કરી શક્યો ભગવાન બુદ્ધે તેની આંખોમાં જોઈને કરુણાથી કહ્યું, 'આ રાક્ષસ જેવું જીવન જીવવાની તારે જરૂર નથી તું પણ માણસ છે અને તારી અંદર પણ પરિવર્તનની શક્તિ છે. તું માણસ બન.'

જ્યારે બધા તેનાથી ડરતા અને નફરત જ કરતા, બધા તેને ક્રૂર લૂંટારો માની ડરીને દૂર ભાગતા હતા ત્યારે ભગવાન બુદ્ધએ તેને માણસ ગણ્યો અને આ સહાનુભૂતિભર્યા શબ્દોએ, અંગુલિમાલના હૃદયને સ્પર્શ કર્યો. તેણે તલવાર ફેંકી દીધી અને બુદ્ધના શિષ્ય બની ગયો.

ભગવાન બુદ્ધ એ જગતને સમજાવ્યું કે સૌથી ક્રૂર અને ભયાનક વ્યક્તિમાં પણ પરિવર્તનની શક્યતા હોય છે. ડર કે નફરતથી નહીં, સાચી કરુણા અને સહાનુભૂતિથી જ સૌથી કઠોર હૃદય પણ બદલી શકાય છે.

# સમાજની આધુનિકતા શેનાથી મપાય?

કોઈ સ્ત્રી માતા બને એ સમાચાર નથી. કોઈ મહિલા મેયર માતા બને એ પણ સમાચાર ન હોવા જોઈએ. આવી ઘટના સમાચાર ત્યારે બને, જ્યારે લોકોને તેમાં કંઈક અસામાન્ય જણાય. ઘણી વાર અમુક સમાચાર કરતાં વધુ રસપ્રદ લોકોની પ્રતિક્રિયાઓ હોય છે, જે સૂચવે છે કે સમાજ હજી અનેક પૂર્વગ્રહો, માનસિકતાઓ અને ગ્રંથિઓમાંથી બહાર આવ્યો નથી.

તાજેતરમાં જાપાનમાં કંઈક આવું જ બન્યું.

યાવાતા શહેરનાં ૩૫ વર્ષીય મેયર શોકો કાવાતાએ જાહેર કર્યું કે તેઓ માતા બનવાનાં હોવાથી ચાર મહિના માટે પ્રસૂતિ રજા (મેટરનિટી લીવ) લેશે. વાત બહુ સીધીસાદી અને આટલી જ છે, પરંતુ તેણે આખા જાપાનને ચર્ચાના ચકડોળે ચડાવી દીધો. અખબારોમાં તેમના વિશે તંત્રીલેખો લખાયા. આમ કરવું યોગ્ય કહેવાય કે નહીં તે બાબતે અભિપ્રાયો મંગાવાયા અને સર્વેક્ષણો યોજાયાં. ટીવી પર ચર્ચાઓ થઈ. સમગ્ર ચર્ચાનું કેન્દ્ર એક જ સવાલ હતો કે એક મેયર માતૃત્વ રજા લઈ શકે કે નહીં. આ જાણીને નવાઈ લાગ્યા વિના રહે નહીં કે આવું કેમ? અને એ પણ જાપાન જેવા પ્રગતિશીલ દેશમાં?

મૂળ મુદ્દો મેયરના માતૃત્વનો નહીં, પરંતુ એ નિમિત્તે જાપાનીઓની પ્રતિક્રિયાનો છે. હકીકતમાં જાપાનમાં સામાન્ય નોકરી કરતી સ્ત્રીઓને માતૃત્વ રજાનો અધિકાર છે. એટલે આવી રજાનો વિચાર ત્યાં નવો નથી; બલ્કે સ્વીકૃત છે. પરંતુ ચૂંટાયેલા મેયર માટે એવો કોઈ નિયમ નથી, કારણ કે આજ દિન સુધી કોઈ મહિલા મેયરે આવી રજા લીધી જ નહોતી. કાયદો ઘડનારાઓએ કદાચ વિચાર્યું જ નહોતું કે શહેરનું નેતૃત્વ કરતી કોઈ વ્યક્તિ ગર્ભવતી પણ થઈ શકે. કાવાતાએ એક મુલાકાતમાં કહ્યું કે સંતાનજન્મ કોઈ પુરુષના શરીર પર અસર કરતો નથી, પરંતુ સ્ત્રીના શરીર પર અવશ્ય કરે છે. અને આ બાબત કંઈ અજાણી નથી; બલ્કે એક જૈવિક અને જાહેર સત્ય છે. છતાં આધુનિક કાર્યસંસ્કૃતિ એવી ઊભી થઈ છે કે

## ફીર દેખો યારોં

**બીરેન કોઠારી**

> **આવા દેશમાં એક યુવા મહિલા મેયર માતૃત્વ માટે રજા ભોગવવાની વાત કરે, તેને પગલે રાષ્ટ્રીય ચર્ચા શરૂ થઈ જાય તેમાં આશ્ચર્ય થવું ન જોઈએ**

કર્મચારી કોઈ માણસ નહીં, પણ સતત કામ કરતું યંત્ર હોય. તેને ન કોઈ બીમારી હોય, ન વૃદ્ધાવસ્થા. માતૃત્વ કે પિતૃત્વ પણ ન હોય. તેણે તો બસ કામ કર્યે જવાનું. જાપાનમાં આ પ્રશ્ન વધુ તીવ્ર છે. ત્યાં કામ પ્રત્યેની નિષ્ઠા લગભગ સાંસ્કૃતિક મૂલ્ય ગણાય છે. 'કરોશી', એટલે કે 'અતિશય કામના કારણે મૃત્યુ', જેવો શબ્દ જાપાને જ દુનિયાને આપ્યો છે. આવા દેશમાં એક યુવા મહિલા મેયર માતૃત્વ માટે રજા ભોગવવાની વાત કરે, તેને પગલે રાષ્ટ્રીય ચર્ચા શરૂ થઈ જાય તેમાં આશ્ચર્ય થવું ન જોઈએ. સવાલ એ છે કે શું આ પ્રશ્ન કેવળ જાપાન પૂરતો મર્યાદિત છે? આપણી આસપાસ નજર કરીએ તો ખ્યાલ આવશે કે સ્ત્રી માટે સફળતાની વ્યાખ્યા ઘણી વખત વિચિત્ર હોય છે. તે આગળ વધે, નેતૃત્વ કરે, નિર્ણયો લે – એ બધું બરાબર; પરંતુ એ જ સ્ત્રી માતા બને એટલે અચાનક પ્રશ્નો શરૂ થાય છે. તે હવે કામ કેવી રીતે સંભાળશે? તેની વ્યાવસાયિક જવાબદારીઓનું શું? કારકિર્દી માટે તે સમય ક્યાંથી કાઢશે? આવા જ પ્રશ્નો નવા પિતા બનેલા પુરુષને ભાગ્યે જ પૂછાય છે.

કેમ જાણે કે સંતાન ભલે બંનેનું હોય, પરંતુ જવાબદારી એકલી સ્ત્રીની જ હોય. આ માનસિકતા જાપાન પૂરતી મર્યાદિત નથી. પરંતુ જાપાનના સંદર્ભમાં એક બીજી વિસંગતિ પણ ધ્યાન ખેંચે છે. તે એ કે જાપાન આજે ઝડપથી ઘટતી જતી વસ્તીની સમસ્યા સામે ઝઝૂમી રહ્યું છે. લગ્નનું પ્રમાણ ઘટે છે, જન્મદર સતત નીચે જઈ રહ્યો છે અને વૃદ્ધોની સંખ્યા વધી રહી છે. સરકાર વર્ષોથી યુવાન દંપતીઓને સંતાનપ્રાપ્તિ માટે પ્રોત્સાહિત કરવાની યોજનાઓ ઘડી રહી છે. એક તરફ સમાજને વધુ બાળકો જોઈએ છે અને બીજી તરફ એક મહિલા મેયર માતૃત્વને કારણે થોડા મહિના માટે જાહેર જીવનમાંથી વિરામ લેવાની વાત કરે છે ત્યારે તેના પર રાષ્ટ્રીય ચર્ચા થાય છે. વસ્તી વધારવાની ચિંતા અને માતૃત્વ પ્રત્યેની માનસિકતા વચ્ચેનો આ વિરોધાભાસ વિચિત્ર ન કહેવાય?કાવાતાના પ્રસંગ અંગે એક જાપાની અખબારે યોગ્ય રીતે લખ્યું હતું કે પ્રશ્ન એ નથી કે મેયર રજા લે છે; પ્રશ્ન એ છે કે તેમની ગેરહાજરીમાં પણ શહેરનું વહીવટતંત્ર સરળતાથી ચાલે એવી વ્યવસ્થા છે કે નહીં. આ બાબત કોઈ પણ લોકશાહી માટે અગત્યની કહી શકાય. સારા નેતાની ઓળખ એ નથી કે તેમના વિના કશું ચાલે નહીં; સારા નેતાની ઓળખ એ છે કે તેમના વિના પણ સંસ્થા સુચારુ રીતે ચાલતી રહે. કોઈ પણ સમાજમાં પરિવર્તનની શરૂઆત કેવળ કાયદો બનાવી દેવાથી થતી નથી. પહેલાં દૃષ્ટિકોણ બદલવો જરૂરી છે. કાલ સુધી અસામાન્ય લાગતી વાત આજે સહજ લાગે છે. એક સમય હતો જ્યારે સ્ત્રી ડૉક્ટર, ન્યાયાધીશ કે પાયલટ બને એ સમાચાર હતા. આજે તેની નવાઈ નથી. એ જ રીતે કોઈ મહિલા મેયર માતૃત્વ રજા લે એ પણ કદાચ આવતી કાલે સમાચાર નહીં રહે. અલબત્ત, એ દિવસ આવશે કે નહીં, એ તો સમય કહેશે. પરંતુ ત્યાં સુધી એક પ્રશ્ન રહેવાનો જ છે : કોઈ સમાજ કેટલો આધુનિક છે તેનો નિર્ણય તેની ટેક્નોલોજી કરતી નથી; પરંતુ હજી તેને કઈ બાબત અસામાન્ય લાગે છે, તેના પરથી તે નક્કી થાય છે.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

# ચર્ચાપત્ર

charchapatra@gujaratmitra.in

### સરકારનો નિષ્પક્ષ પ્રથમ ધર્મ એટલે કાયદાનું પાલન

ભારતનું બંધારણ 26 જાન્યુઆરી, 1950થી અમલમાં આવ્યું અને દેશને લોકશાહી પ્રજાસત્તાક તરીકે નવી ઓળખ મળી. લગભગ બે વર્ષ, 11 મહિના અને 18 દિવસના ગહન ચિંતન બાદ તૈયાર થયેલું આ બંધારણ જીવંત દસ્તાવેજ ગણાય છે, જે સમાનતા, સ્વતંત્રતા, ન્યાય અને બંધુત્વના મૂલ્યોને માર્ગદર્શન આપે છે. બ્રિટિશ શાસન દરમિયાન શિક્ષણને દરેક વર્ગ સુધી પહોંચાડવાના પ્રયાસો થયા અને રાજા રામમોહન રાય, જ્યોતિબા ફુલે, સ્વામી વિવેકાનંદ, મહાત્મા ગાંધી તથા ગોપાલ કૃષ્ણ ગોખલે જેવા સમાજ સુધારકોએ જાગૃતિ ફેલાવવામાં મહત્વની ભૂમિકા ભજવી. આ જાગૃતિના પરિણામે સ્વતંત્ર ભારતે પોતાનું બંધારણ સ્વીકાર્યું. આજે કેટલીક બાબતોમાં લાગણી અને ધાર્મિક માન્યતાઓને કાયદા કરતાં વધુ મહત્વ આપવામાં આવે છે, જ્યારે બંધારણ દરેક નાગરિકને સમાન અધિકારો આપે છે. લોકશાહીમાં મતભેદ વ્યક્ત કરવો દેશદ્રોહ નથી, પરંતુ લોકશાહીનો અભિન્ન ભાગ છે. તેથી દેશનું સંચાલન વ્યક્તિગત લાગણીઓથી નહીં, પરંતુ બંધારણ અને કાયદાના આધારે થવું જોઈએ. સત્તાપક્ષ નિષ્પક્ષ રીતે કાર્ય કરે અને લોકશાહી મૂલ્યોનું રક્ષણ કરે, ત્યારે જ દેશ વધુ મજબૂત અને સમાનતાવાદી બની શકે.

**સુરત - ચૌધરી હરિશકુમાર**

### બેંકોમાં લઘુત્તમ બેલેન્સ અંગે પેનલ્ટી

લઘુત્તમ બેલેન્સ ન રાખવા બદલ બેંકો દ્વારા વસૂલાતી પેનલ્ટીનો મુદ્દો ફરી ચર્ચામાં આવ્યો છે. રાજ્યસભામાં સરકારે જણાવ્યું કે 12 સરકારી બેંકોમાંથી 10 બેંકોએ મિનિમમ બેલેન્સ અંગેનો દંડ સંપૂર્ણપણે બંધ કરી દીધો છે, જ્યારે બાકીની બે બેંકોએ તેમાં ઘટાડો કર્યો છે. બીજી તરફ, ઘણી ખાનગી બેંકો હજુ પણ ઊંચી પેનલ્ટી વસૂલી રહી છે. ગયા નાણાકીય વર્ષમાં એચડીએફસી બેંકે રૂ. 1,798 કરોડ અને એક્સિસ બેંકે રૂ. 1,081 કરોડ જેટલી પેનલ્ટી ખાતેદારો પાસેથી વસૂલ કરી હતી. પેનલ્ટીનો હેતુ નિયમોનું પાલન કરાવવાનો હોવો જોઈએ, આવકનું સાધન બનાવવાનો નહીં. ખાતામાં લઘુત્તમ બેલેન્સ ઓછું થાય ત્યારે બેંકે દંડ ફટકારતા પહેલાં એસએમએસ અથવા ઈ-મેલ દ્વારા જાણ કરીને ગ્રાહકને બે-ત્રણ દિવસનો સમય આપવો જોઈએ. પીએમ જનધન યોજનાના ખાતાઓમાં આવી પેનલ્ટી વસૂલાતી નથી, જે ગ્રાહકહિતમાં સારો નિર્ણય છે. સરકારે ખાનગી બેંકો માટે પણ વ્યાજબી પેનલ્ટીની મર્યાદા નક્કી કરીને કડક નિયમો અમલમાં મૂકવા જોઈએ, જેથી ખાતેદારો પર અનાવશ્યક આર્થિક બોજ ન પડે અને બેંકિંગ વ્યવસ્થામાં પારદર્શિતા તથા ગ્રાહક હિત જળવાઈ રહે.

**નવસારી - ડૉ. જે. એમ. નાયક**

### વો જબ યાદ આયે, બહોત યાદ આયે

ફિલ્મી-દુનિયાના મહાન પાર્શ્વ-ગાયક મોહમદ-રફી આ દુનિયામાં હયાત નથી. તા. ૩૧ જુલાઈ- ૧૯૮૦ ના રોજ જન્નતનશીન થયા હતા. આ ઘટનાને ૪૬ વર્ષ પુરા થયા. પરંતુ રફીજીના ચાહકોના દિલો-દિમાગમાંથી તેમનો યાદ ભૂલાતી નથી. મુંબઈમાં તા. ૩૧ જુલાઈના રોજ ભારે મુશળધાર વરસાદ વરસતો હતો. છતાં લોકો-ચાહકો-ફિલ્મ સ્ટારો છત્રી લઈને જનાઝામાં જોડાયા હતા અને જનાઝામાં લાખોની મેદની ઉમટી પડી હતી. આ રફીજીની લોકપ્રિયતાનો પુરાવો છે રફીસાહેબે ૩૦ હજારથી વધુ ગીતો ગાયા છે. જેમાં યુગલ-ગીતો, સોલો ગીત, ભજન, કવાલી, કરુણ ગીતોનો સમાવેશ થાય છે. રફીજીના ગીતોની યાદી ઘણી લાંબી છે. રફીજીનો અવાજ રાજેન્દ્રકુમાર, શશીકપૂર, રાજકુમાર, શમ્મીકપૂર, કલાકારો માટે બંધબેસતો હતો. આજે હવે લતાજી, કિશોરકુમાર, મુકેશ, રફીજી આ દુનિયામાં નથી, અને બધા પોતાના સ્થાને યોગ્ય હતા. એટલે આટલું કહેવું પડે, 'જાને વાલે કભી નહી આતે, જાને વાલો કી યાદ આતી હૈ' અસલ તે અસલ, નકલ તે નકલ, રફી, કિશોર, મુકેશ, લતા હવે નહીં જન્મે.

**તરસાડા - પ્રવીણસિંહ મહિડા**

### પહેલો સગો પડોશી

કોઈના ઘરે ઈમરજન્સી આવે ત્યારે સગા પહેલા પડોશી પહેલો દોડી આવે. વાત ૩૫ વર્ષ પહેલાંની અમારી સલાબતપુરાની બાર ગાળાની વલ્લભ જીવનની ચાલની. દરેક ઘરોના દાદર અલગ પણ કઠેરો કોમન. કઠેરામાંથી એક બીજાના ઘરે જઈ શકાય. ઘરમાં આદેશ મળ્યો કે, જા તો બાજુમાંથી બે બટાકા લેતો આવ. આદેશ મળ્યો એટલે બાજુના ઘરમાં કોઈ ને પણ પૂછ્યા વગર બટાકા લેવાના અને ખાલી જણાવવાનું. વલ્લભ જીવનની ચાલ એટલે બાર ઘરોમાં વહેંચાયેલું ફેમિલી. પડોશમાં નવી વહુ આવી હોય અને એના મા-બાપ આવે એટલે એના માટે ચા પાણીની વ્યવસ્થા આપોઆપ ગોઠવાઈ જાય કોઈના ઘરે માંદગી કે મરણ જેવા દુઃખદ પ્રસંગે ઉજાગરો કરવા માટે, જમવાની વ્યવસ્થા માટે જવાબદારી પડોશી ઉપાડી લેતા. એક મજાની વાત એ પણ હતી કે, ભુલે ચુકે કોઈના ઘરમાં પારિવારિક કંકાસ થાય તો આખી ચાલીના સભ્યો જ્યાં કંકાસ થાય એ ઘરમાં જઈ સમાધાન કરાવી લેતા. શેરી મોહલ્લા કે ચાલીમાં રહેતા લોકોને યાદ જ હશે અને આ જીવન માણ્યું હશે. ખુશી વહેંચવાનો ઉત્સાહ. એક પરીવાર ભાવના.

**સુરત - કિરીટ મેઘાવાલા**

### આખરે દેશને નુકસાન

આજનો સમય ચિંતાનો અને વેળાસર જાગવાનો છે. ત્વરિત નિર્ણય લઈને દેશના ભાવિને સુદૃઢ બનાવવા ઝડપી પગલાં લેવાય તે યોગ્ય છે. સરકારો પોતાના પક્ષનો એજન્ડા ચલાવે તે સાથે દેશહિતની અવગણના કરે, તે ચાલે નહીં. લોકો હવે તુરંત સમજી લે છે અને પછી ધીરે-ધીરે વિરોધનો સૂર પણ વધે છે. જ્યારે લોકો એક થાય અને યોગ્ય સમયે સાચું તથા ખરું નેતૃત્વ મળે, ત્યારે શાસકો ઘણી વખત ચૂક કરી બેસે છે. પરિણામે દેશને સરવાળે નુકસાન ભોગવવું પડે છે. શિક્ષણ, આરોગ્ય અને ગરીબોના ઉત્થાન માટેની યોજનાઓ સરકાર પોતાના હસ્તક રાખે તેમજ તેના નિરીક્ષણ અને અમલમાં કોઈ ચૂક ન થાય તેની સુદૃઢ વ્યવસ્થા ઊભી કરે, તો પ્રજાનો વિશ્વાસ અકબંધ રહી શકે. દરેક ક્ષેત્રમાં વેપારીકરણ હોવું જરૂરી નથી; કેટલીક સેવાઓ શુદ્ધ સેવાભાવથી જ ચલાવવી જોઈએ. ભૂતકાળમાં ધીરે-ધીરે આ બધું બનતું ગયું હતું, જેના અમે સાક્ષી છીએ. અમારા જેવા અસંખ્ય લોકો આજે પણ આ હકીકત જાણે છે. અતિશય કેન્દ્રીકરણ લોકશાહી અને કલ્યાણરાજ માટે ઘાતક સાબિત થઈ શકે છે. છળ-કપટ પર આધારિત વાતો હવે લાંબા સમય સુધી ચાલવાની નથી. સમયની માંગ સમજો અને તે પ્રમાણે કાર્ય કરો.

**નવસારી - મનુભાઈ પટેલ**

### ગુરુનું સન્માન શબ્દોથી નહીં, સંસ્કારોને જીવનમાં ઉતારવાથી થાય છે

ભારતીય સંસ્કૃતિમાં ગુરુનું સ્થાન સર્વોચ્ચ માનવામાં આવ્યું છે. ગુરુ માત્ર શિક્ષણ આપનાર નથી, પરંતુ જીવનને સાચી દિશા આપનાર, અજ્ઞાનમાંથી જ્ઞાન તરફ દોરી જનાર અને સારા સંસ્કારોનું સિંચન કરનાર માર્ગદર્શક છે. તેથી ગુરુપૂર્ણિમા માત્ર ધાર્મિક ઉજવણીનો દિવસ નથી, પરંતુ કૃતજ્ઞતા, આત્મચિંતન અને જીવનમૂલ્યોને પુનઃજીવિત કરવાનો પવિત્ર અવસર છે. આજના ડિજિટલ યુગમાં માહિતીનો અભાવ નથી, પરંતુ સાચી સમજણ, વિવેક અને માનવતાના મૂલ્યોનો અભાવ અનુભવાય છે. ટેક્નોલોજી આપણને માહિતી આપી શકે છે, પરંતુ જીવન જીવવાની કળા, યોગ્ય નિર્ણય લેવાની સમજ અને ચારિત્ર્યનું ઘડતર ગુરુના માર્ગદર્શનથી જ શક્ય બને છે. તેથી જ સમાજમાં ગુરુનું સ્થાન આજે પણ અવિસ્મરણીય છે. ગુરુ માત્ર શાળાના શિક્ષક નથી. માતા-પિતા, વડીલો, શિક્ષકો, સંતો અને જીવનમાં સત્યનો માર્ગ બતાવનાર દરેક વ્યક્તિ આપણા ગુરુ છે. તેમના ઉપદેશો અને સંસ્કારો જ વ્યક્તિને જવાબદાર નાગરિક બનાવે છે. જ્યારે વ્યક્તિમાં સંસ્કાર વિકસે છે, ત્યારે પરિવાર સુખી બને છે, સમાજમાં સદભાવ વધે છે અને રાષ્ટ્ર વધુ મજબૂત બને છે. આજે સમાજ સામે વ્યસન, અસહિષ્ણુતા, સ્વાર્થ અને નૈતિક મૂલ્યોમાં ઘટાડા જેવા અનેક પડકારો છે. આ સમસ્યાઓનો સ્થાયી ઉકેલ માત્ર કાયદાથી નહીં, પરંતુ સંસ્કાર અને જાગૃતિથી શક્ય છે. ગુરુપૂર્ણિમા આપણને એ સંદેશ આપે છે કે સાચી ગુરુદક્ષિણા ફૂલ કે ભેટમાં નહીં, પરંતુ ગુરુના આદર્શોને પોતાના જીવનમાં ઉતારવામાં છે.

**સુરત - સંદીપ માંગુકિયા**